જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૭/૧૧/૨૦૨૩   મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૮૨૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૧૭૫ લીટર દેશી દારૂ, ૨૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૦ બિયર ટીન અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી, ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૩૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૮૨૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની  અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અતકાયત કરી હતી.

### ઘરફોડઃ-   સમાચાર યાદી નં.૧૮૨૬/૨૦૨૩

**કૃષ્ણનગરઃ** દિનેશભાઈ ભગવાનદાસ સોની (રહે. ગુજરાત હાઉસિંગ બોર્ડ નવા બાપુનગર સોમનાથ મંદિર પાસે બાપુનગર) એ તા.૦૬/૧૧/૨૦૨૩ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૧૦/૨૦૨૩ બપોરના ૪/૩૦ થી તા.૦૬/૧૧/૨૦૨૩ કલાક ૭/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નવા નરોડા પાશ્વનાથ ટાઉનશીપ ઈ/૧૪૧ વિભાગ-૧ ખાતે રહેતા દિનેશભાઈ સોનીના કાકાના મકાનનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૯૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

**ગાયકવાડ હવેલીઃ** નગમાબાનુ વા/ઓ મોહમદઅર્શદ સાકીવાલા (રહે. બીજા માળે ફૈઝ રેસીડન્સી મોટી સોદાગરની પોળ જમાલપુર) એ તા.૦૬/૧૧/૨૦૨૩ ના રોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૧૧/૨૦૨૩ કલાક ૧૨/૩૦ થી તા.૦૫/૧૧/૨૦૨૩ રાતના ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૦૨,૯૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.બી.ડામોર ચલાવે છે.

**વાસણાઃ** બાવદિનભાઇ મનસુરભાઇ વાઘેલા (ઉ.વ.૬૧) (રહે. રત્નદિપ સોસાયટી દેવાસ ફ્લેટ સામે જીવરાજપાર્ક) એ તા.૦૬/૧૧/૨૦૨૩ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૧૧/૨૦૨૩ રાતના ૧૧/૧૫ થી તા.૦૬/૧૧/૨૦૨૩ કલાક ૬/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન જીવરાજપાર્ક રજવાડું હોટલ સામે તુલસીવૃંદ સોસાયટી ખાતે ઓફીસના દરવાજાનું તાળું તોડી બે પુરૂષ ઓફીસમાં પ્રવેશ કરી મોબાઇલ ફોન અને કારની ચાવી ચોરી કરી મોબાઈલ ફોન કિમત રૂપિયા ૨૦૦૦/- અને ઘર પાસે પાર્ક કરેલ હુંડાઇ કંપનીની ક્રેટા કાર નંબર જીજે ૦૧ આરવી ૮૮૨૧ કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.સી.રાણા ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૨૭/૨૦૨૩</u>**

**ચાંદખેડાઃ** સંજયકુમાર હરસુખલાલ કવા (રહે. મંગલમ એપાર્ટમેન્ટ ભાદેવાની શેરી ભાનો ડેલો પિછલા મેનબજાર ભાવનગર) એ તા.૦૫/૧૦/૨૦૨૩ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે ચાંદખેડા એસ.એમ.એસ.હોસ્પિટલની બાજુમાં તપોવન સર્કલની પાસે આવેલ સ્માર્ટ બજાર આગળ પાર્કીંગમા પાર્ક કરેલ પોતાની ગાડીના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ ગાડીમાંથી લેપટોપ કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ અંગેની ફરીયાદ સંજયકુમાર કવાએ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એલ.ચૌહાણ ચલાવે છે.

**કાગડાપીઠઃ** ભાવિકાબહેન દિનેશભાઇ પટેલ (ઉ.વ.૫૬) (રહે. જલારામ હાઉસ મોરજ રોડ જી.ઇ.બી. સામે તારાપુર જી.આણંદ) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૧૧/૨૦૨૩ બપોરના ૩/૧૫ વાગ્યાના સુમારે ગીતામંદિર એસ.ટી.બસ સ્ટેશન પ્લેટફોર્મ નંબર-૧૩ ખાતે બસમાં ચઢતી વખતે અજાણી વ્યક્તિએ ભાવિકાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.ચૌહાણ ચલાવે છે.

**<u>દાઝી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૨૮/૨૦૨૩</u>**

**ખોખરાઃ** લાલચંદ રામઅભીલાખ ગૌતમ (ઉ.વ.૩૫) (રહે. હિમાંશુ પાર્ક ઉદગમ સ્કુલની બાજુમાં ઇશ્વરકૃપા ચાર રસ્તા આગળ ખોખરા) તા.૦૧/૧૧/૨૦૨૩ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ચા ગરમ કરવા જતા આગ લાગતા દાઝી જતા સારવાર માટે તેમને શારદાબેન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૮/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.વિડજા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૨૯/૨૦૨૩</u>**

**રિવરફ્રન્ટ વેસ્ટ**ઃ અમીરઅલી બસીરઅલી શેખ (ઉ.વ.૪૨) (રહે. બાગબા ફ્લેટ અજાક મસ્જિદ પાસે ફતેવાડી) એ અગમ્ય કારણસર તા.૦૬/૧૧/૨૦૨૩ સાંજના ૫/૦૦ વાગ્યા પહેલા એલિસબ્રિજ ઇવેન્ટ સેન્ટર પાછળ સી.ડી.નંબર-૪૪ પાસે રિવરફ્રન્ટ વોક-વે નજીક નદીમાં પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ખોડાભાઇ અરજણભાઇ ચલાવે છે.

**ચાંદખેડા**ઃ દીયા ડો/ઓ ભરતભાઇ માલપરી (ઉ.વ.૧૭) (રહે. બહેરામપુરા પપીંગ સ્ટેશન સ્ટાફ ક્વાર્ટ્સ ચેપી રોગ હોસ્પીટલ પાસે મહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૦૫/૧૧/૨૦૨૩ સાંજના ૫/૪૫ વાગ્યાના સુમારે ચાંદખેડા વૈષ્ણોદેવી સર્કલ પાસે આવેલ સ્પેસિફિકા રીફ્લેક્શન ફ્લેટના “બી” બ્લોકના તેરમા માળની સીડીના પેસેજ પાસેથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એલ.ચૌહાણ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી